## સંક્ષિપ્ત સમાચાર

### અંગારકી ચતુર્થીએ નવસારીના સિદ્ધિવિનાયક મંદિરમાં શ્રદ્ધાનો પ્રવાહ



નવસારી : નવસારીના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ઐતિહાસિક હીરા મેનશન સ્થિત સિદ્ધિવિનાયક મંદિરમાં અંગારકી ચતુર્થી નિમિત્તે વહેલી સવારથી જ ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. પોષ વદ ત્રીજ અને મંગળવારના વિશેષ સંયોગને કારણે શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં વિઘ્નહર્તા ગણેશજીના દર્શન કરવા ઉમટી પડ્યા હતા. મંદિર પરિસરમાં ભક્તિ અને શાંતિનો માહોલ છવાયો હતો. ઘંટનાદ, મંત્રોચ્ચાર અને ધૂપદીપની સુગંધ વચ્ચે ભક્તો સંયમપૂર્વક લાઈનમાં ઊભા રહી દર્શન કરતા નજરે પડ્યા હતા. અનેક ભક્તોના ચહેરા પર આશા અને વિશ્વાસ ઝળહળતો જોવા મળ્યો હતો. કોઈ પરિવારની સુખ-શાંતિ માટે પ્રાર્થના કરતો હતો, તો કોઈ આરોગ્ય અને રોજગાર માટે ભગવાન ગણેશ સમક્ષ મનોભાવ વ્યક્ત કરતો હતો. મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોની સુવિધા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. વૃદ્ધો, મહિલાઓ અને બાળકો માટે ખાસ કાળજી લેવાઈ હતી, જેથી કોઈ અવ્યવસ્થા ન સર્જાય. પંચાંગ મુજબ, અંગારકી ચતુર્થીનું વિશેષ ધાર્મિક મહત્વ માનવામાં આવે છે. શાસ્ત્રોમાં ઉલ્લેખ મુજબ, આ દિવસે વ્રત અને પૂજા કરવાથી મંગળ દોષ નિવારણ થાય છે અને અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય છે. મહિલાઓએ આખો દિવસ ઉપવાસ રાખી કથા શ્રવણ કર્યું હતું અને સાંજે ચંદ્રદર્શન બાદ વ્રતના પારણા કર્યા હતા. સમગ્ર પરિસરમાં શ્રદ્ધા, સંયમ અને ભક્તિનું વાતાવરણ છવાયેલું હતું, જે ભક્તોના મનને શાંતિ અને સંતોષ આપી રહ્યું હતું.

### વલસાડ મુસ્લિમ સમાજનો સેમિનાર યોજાયો



વલસાડ : વલસાડના મોરારજી દેસાઈ હોલમાં વલસાડ મુસ્લિમ સમાજ દ્વારા આયોજિત શૈક્ષણિક સેમિનાર સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આ સેમિનારમાં વલસાડ અને આસપાસના શહેરોમાંથી બાળકોઓએ પોતાના માતાપિતા સાથે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વલસાડના શિક્ષણવિદ આરીફ ખાન છેલ્લા 32 વર્ષથી શૈક્ષણિક ક્ષેત્રે જોડાયેલા છે અને તેમણે બાળકો માટે એક વ્યાખ્યાન આપ્યું જેમાં માતા-પિતા પ્રત્યે બાળકોની ભૂમિકાને સ્પષ્ટ રીતે સમજાવી હતી. વલસાડ મુસ્લિમ સમાજના પ્રમુખ ઝાહીદ દરીઆઈએ જણાવ્યું કે, મુસ્લિમ સમુદાયના બાળકોને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવા માટે અમારો પ્રયાસ એ છે કે, તેઓ આત્મવિશ્વાસ સાથે આગળ વધે, નવીન જાણકારી પ્રાપ્ત કરે અને સમાજના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે. યુ.કે.થી ઉપસ્થિત સમારંભના પ્રમુખ ઇનાયત ફાતિવાલાએ બાળકોના ભવિષ્ય માટે પ્રેરણા અને ઉત્સાહ વધાર્યો હતો. તેમના યોગદાનથી શૈક્ષણિક સેમિનારો વધુ પ્રભાવી બની જાય છે. તેમના સહકારથી બાળકોને આગળ વધવા માટે પ્રેરિત કરી શકીએ છીએ. ધો.12 સાયન્સમાં મનોજ ધારીયા તેમજ ધો.12 કોમર્સમાં વિતાન વોરાએ બાળકોને આગામી બોર્ડની પરીક્ષાની તૈયારી માટેની મહત્વપૂર્ણ ટિપ્સ આપી હતી. તે જ પ્રમાણે ધો.10 બોર્ડના વિદ્યાર્થીઓને આરીફ ખાને થોડા સમયમાં કેવી રીતે તૈયારી કરી વધારે માર્ક્સ મેળવવા એની સમજ પૂરી પાડી હતી. સેમિનારમાં ધો.10 અને 12 તેમજ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરેલા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું. આ સેમિનારને સફળ બનાવવા માટે ટ્રસ્ટના સભ્યો અબ્દુલ લતીફ શેખ, ફદ કરુ,લીયાકત પોચા, ઝહીર કદમ, યાસર પઠાણ સમીઉલ્લાહ અને મેહરીશ ચાવડાએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈકબાલ કુરેશીએ કર્યુ હતું.

### આહવા પોલીસનો નાસતો-ફરતો આરોપી ઝડપાયો



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક પૂજા યાદવ તથા નાયબ પોલીસ અધિક્ષક કે.આર.ડીમરી દ્વારા જિલ્લામાં પોલીસને થાપ આપી રહેલા નાસતા-ફરતા અને વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ સૂચનાના કડક અમલીકરણનાં ભાગરૂપે, ડાંગ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે દોઢ વર્ષથી નાસતો ફરતો વોન્ટેડ આરોપીને સુરતથી દબોચી લેવામાં મોટી સફળતા મળી છે. ડાંગ-આહવા એલ.સી.બી.નાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર જે.જી. અનડકટ તથા એ.એસઆઈ. પ્રમોદભાઈ નિવર, અ.હે.કો.લક્ષ્મણભાઈ ગવળી, દિલીપભાઈ ગામીત, દિનેશભાઇ વાઘેરા તથા હિનયભાઈ ગાઈનની ટીમ જિલ્લામાં પેટ્રોલિંગ અને વોચમાં હતી. આ દરમિયાન ટીમને બાતમી મળી હતી. આ બાતમી મુજબ, આહવા પોલીસ સ્ટેશનના એક ગુનામાં સંડોવાયેલો અને છેલ્લા દોઢ વર્ષથી પોલીસની પકડથી દૂર રહેતો આરોપી ભગવાનભાઈ માવજીભાઈ કથીરીયા સુરત ખાતે હોવાની બાતમી મળતા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે આ આરોપીને સુરતથી દબોચી લીધો હતો. ઝડપાયેલો આરોપી ભગવાનભાઈ કથીરીયા અગાઉ આફ્રિકામાં રહેતો હતો. તે સુરતના ઉતરાણની મંગલમ રેસિડન્સીમાં કોઈ સામાજિક પ્રસંગમાં હાજરી આપવા આવ્યો હોવાની જાણ થતા જ ડાંગ એલ.સી.બી.ની ટીમે સુરત પહોંચી રેકી કરી આરોપીને મંગલમ રેસિડન્સીના ગેટ પાસેથી કોઈ તક ગુમાવ્યા વગર ઘેરી લીધો હતો અને ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી ભગવાનભાઈ કથીરીયા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી, એલ.સી.બી. દ્વારા તેને વધુ તપાસ અને કાયદાકીય પ્રક્રિયા માટે આહવા પોલીસ સ્ટેશનને સોંપી વધુ તજવીજ હાથ ધરી છે.

### ધરમપુરમાં પતંગ-માંજો વેચનારા વેપારીઓ સાથે પોલીસની બેઠક



આસીફ શેખ

ધરમપુર : ઉતરાણ પર્વ નિમિત્તે પતંગ-માંજો વેચનારા વેપારીઓની બેઠક ધરમપુર પોલીસ મથકે પીએસઆઇ વસાવાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં ઉતરાયણ પર્વ હોવાથી બજારમાં માંજો વેચનારા વેપારીઓને પીએસઆઇએ અપીલ કરી હતી કે, બજારમાં ચાઈનીઝ દોરાનું વેચાણ કરવું નહીં અને જો વેચાણ કરશો તો કાયદાકીય કાર્યવાહી હાથ ધરવાની ચીમકી આપી હતી. તેમણે આવા માંજાઓ જીવલેણ હોવાથી કેટલાય લોકોના ગળા કપાઈ જવાના બનાવો બન્યા છે. જેથી ચાઈનીઝ દોરા ઉપર સુપ્રીમ કોર્ટે દ્વારા બેન કરાયો હોવાનું જણાવી બાદ અન્ય દોરાઓના માંજામાં કાચનું પ્રમાણ ફક્ત 5 ટકા નાખવા વેપારીઓને અપીલ કરી હતી. વેપારીઓએ આવનારા દિવસોમાં અગાઉની જેમ જ કોર્ટના આદેશ મુજબ માંજાઓ વેચતા હોવાનું જણાવ્યું હતું. પીએસઆઇએ ઉતરાયણ પર્વ શાંતિથી ઉજવવા માટે અપીલ કરી હતી.

શિયાળામાં વાપી, ઉમરગામ જેવા ઔદ્યોગિક વિસ્તારોનો એક્યુઆઇ વધે એ સ્વાભાવિક પરંતુ

# વલસાડનો ઉંચો AQI ગંભીર બાબત

**મોબાઇલ** પર આવતી એપ્લિકેશનમાં દક્ષિણ ગુજરાતનો એક્યુઆઇ (એર ક્વોલિટી ઇન્ડેક્સ) 125 થી વધુ

**વલસાડનો** 127, દમણનો 153 અને નવસારીનો 136 જોવા મળ્યો

**એક્યુઆઇ** ઇન્ડિયાની વેબસાઇટ પર તમામ સ્થળના આંકડા 170 થી વધુ જોવા મળ્યા



#### ઔદ્યોગિક વિસ્તારથી દુરના વલસાડમાં એક્યુઆઇ ઇન્ડેક્સ વધે તે ગંભીર બાબત

માસ્ક પહેરીને પણ PM 2.5 સામે રક્ષણ મળી શકે નહી. ત્યારે આવા વાતાવરણ માટે એક રિસર્ચ જરૂર બન્યું છે, પરંતુ વલસાડનું હવામાન વિભાગ હાલ સક્રિય જ નથી. ત્યાં કોઇ કર્મચારી જ નથી અને રોજ હવામાન પણ મપાતું નથી. જેના કારણે આ દિશામાં કોઇ કાર્ય જ થતું નથી. જે ખૂબ ગંભીર બાબત કહી શકાય છે.

વલસાડ : વલસાડ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં હાલ ધુમ્મસછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આવા વાતાવરણ સાથે હવામાન ખૂબ પ્રદૂષિત હોવાનું પણ જોવા મળ્યું છે. મોબાઈલ પર આવતી એપ્લિકેશનમાં સમગ્ર દક્ષિણ ગુજરાતનો એક્યુઆઈ (એર ક્વોલિટી ઈન્ડેક્સ) 125 થી વધુ જોવા મળી રહ્યો છે. જેમાં વલસાડ જિલ્લો તેમજ દમણ તેમજ નવસારીનો પણ સમાવેશ થઇ રહ્યો છે.

વલસાડમાં મંગળવારે પણ વાતાવરણ ધુમ્મસછાયું જોવા મળ્યું હતુ. આવા વાતાવરણ સાથે વલસાડનો એક્યુઆઇ 127 જેટલો જોવા મળ્યો હતો. જેની સાથે દમણનો એક્યુઆઇ 153 જોવા મળ્યો હતો. જ્યારે નવસારી 136 જોવા મળ્યો હતો. આ તમામ એક્યુઆઇ વેધરની જાણીતી વેબસાઇટ એસીસીયુ વેધર પર જોવા મળ્યો હતો. જ્યારે એક્યુઆઇ ઇન્ડિયાની વેબસાઇટ પર તમામ સ્થળના આંકડા 170 થી વધુ જોવા મળ્યા હતા. જેમાં લાઇવ એક્યુઆઇના આંકડા દર્શાવતા હતા.

શિયાળાના સમયે વાપી, ઉમરગામ જેવા ઔદ્યોગિક વિસ્તારોનો એક્યુઆઇ થોડો વધે એ સ્વાભાવિક છે, પરંતુ વલસાડ જેવા શહેરનો એક્યુઆઇ પણ ઉંચો જોવા મળે ત્યારે એ ગંભીર કહી શકાય છે. ઔદ્યોગિક વિસ્તારથી દુર આવેલા શહેરોમાં પણ એક્યુઆઇ ઇન્ડેક્સ વધી રહ્યો છે. જેમાં માઇક્રો અતિ સુક્ષ્મ કહી શકાય એવા PM 2.5 નો આંક ખૂબ ઉંચો જોવા મળી રહ્યો છે. જે ખૂબ ચિંતાજનક કહી શકાય.

### 'એર પ્રદૂષણ નિયંત્રણ માટે નવસારી મનપાની કડક કાર્યવાહી

નવસારી : શહેરમાં વધતા એર પ્રદૂષણને નિયંત્રણમાં લેવા નવસારી મહાનગરપાલિકા દ્વારા કડક અને અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નગર આયોજન કચેરી (ટાઉન પ્લાનિંગ વિભાગ) દ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલી રહેલા વિવિધ બાંધકામ કાર્યોની સ્થળ પર જઈ તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન એર પોલ્યુશન નિયંત્રણ માટે ફરજિયાત માર્ગદર્શિકાઓનું પાલન થતું ન હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. મહાનગરપાલિકા વિસ્તારમાં હાલ કાર્યરત 15થી વધુ કન્સ્ટ્રક્શન સાઇટ્સની ચકાસણી કરવામાં આવી હતી, જેમાંથી કેટલીક સાઇટ્સ પર ગ્રીન નેટ લગાવવામાં ન આવવાથી ધૂળકણ અને પ્રદૂષણ ફેલાવાની શક્યતા વધી રહી હોવાનું જણાયું હતું. પર્યાવરણ સુરક્ષા અને નાગરિકોના આરોગ્યને ધ્યાનમાં રાખીને સંબંધિત બાંધકામ સાઇટ્સ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહી અંતર્ગત નિયમોનું ઉલ્લંઘન બદલ વિવિધ કન્સ્ટ્રક્શન સાઇટ્સ પર કુલ રૂપિયા 3,83,389 નો દંડ ફટકારવામાં આવ્યો છે. આ દંડ ખાસ કરીને ગ્રીન નેટ લગાવવાની ફરજિયાત જોગવાઈનું પાલન ન કરવાના કારણે કરવામાં આવ્યો હોવાનું મહાનગરપાલિકા દ્વારા જણાવાયું છે. નવસારી મહાનગરપાલિકાએ સ્પષ્ટ કર્યું છે કે શહેરમાં ચાલી રહેલા તમામ બાંધકામ કાર્યો દરમિયાન એર પ્રદૂષણ નિયંત્રણ માટેના નિયમોનું કડક પાલન કરવું અનિવાર્ય છે. ભવિષ્યમાં પણ નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી જાણકારી આપવામાં આવી છે.

### બીલીમોરામાં ચાઈનીઝ દોરી વાળી ફીરકી સાથે એકની ધરપકડ

બીલીમોરા : બીલીમોરા પોલીસે બાતમીના આધારે ચાઈનીઝ દોરી વાળી ફીરકી પકડી પાડી એકની ધરપકડ કરી છે. પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટરના ચાઈનીઝ દોરીના વપરાશ અને સંગ્રહ ઉપર પ્રતિબંધ ફરમાવતા જાહેરનામાની અવગણના કરી બીલીમોરા વખારીયા બંદરો રોડ ઉપર રહેતા ધવલકુમાર જયંતીભાઈ ટંડેલ (૨૮) એ આગામી મકરસંક્રાંતિના તહેવારમાં પતંગ ચકાવવા માટે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી વાળી ફીરકી ઘરમાં મૂકી હતી. જેની પોલીસને બાતમી મળતા પોલીસે ધવલ કુમાર જયંતીભાઈ ટંડેલના ઘરે તપાસ કરી તો રૂપિયા ૩૫૦ ની કિંમતની ચાઈનીઝ દોરી વિટાળેલી ફીરકી નંગ એક મળી આવતા તેની ધરપકડ કરવામાં આવી હતી. ચાઈનીઝ દોરી ખૂબ જ ઘાતક છે, જો કોઈ દ્વિચક્રી વાહન ચાલકના ગળે કે અંગના કોઈપણ ભાગે લપેટાઈ ગઈ તો તેનો જીવ જોખમમાં આવી શકે છે. એવું જાણવા છતાં પૈસા કમાવવાની લાલચમાં પતંગ અને દોરીનો વેપાર કરનારા વેપારીઓ પણ કોઈની મહામૂલ્યવાન જિંદગીને દાવ પર મુકતા જરા પણ ખચકાતા નથી.

### ખેરગામ કુમાર શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

ખેરગામ : ખેરગામની પી.એમ. શ્રી કુમાર શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે TPEO મનીષ પરમાર, ખેરગામ બીઆરસી. વિજય પટેલ, ડેપ્યુટી સરપંચ તેમજ એસએમસીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોની પ્રશંસા સાથે પ્રોત્સાહિત કર્યા હતા. પ્રદર્શનનું મુખ્ય આકર્ષણ શાળાના બાળ વૈજ્ઞાનિકો દ્વારા રજૂ કરાયેલી વિવિધ કૃતિઓ (મોડેલ્સ) રહ્યું હતું. ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૭૦ જેટલી વિવિધ કૃતિઓ તૈયાર કરાઈ હતી. આ કૃતિઓમાં પર્યાવરણ જાગૃતિ, ગણિતના જટિલ કોયડા ઓના સરળ ઉકેલો, સોલાર એનર્જી, જળ સંચય તેમજ આધુનિક ટેકનોલોજી જેવા મહત્વપૂર્ણ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### પારડી હાઇવે પર કન્ટેનરમાં આગ ભભૂકી



અમૃત પટેલ

પારડી : પારડી તાલુકાના ટુકવાડા ત્રણ રસ્તા નજીક હાઇવે પર એક કન્ટેનરમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી હતી. સોસના બાટલા, પરચૂરણ સામાન તેમજ બોક્સના ખોખા ભરેલું કન્ટેનર અમદાવાદથી મુંબઈ તરફ જઈ રહ્યું હતું. આગ લાગતાં જ ડ્રાઈવરે સમયસૂચકતા રાખી કન્ટેનર રોકી ઉતરી જતા બચાવ થવા પામ્યો હતો. ઘટનાની જાણ થતાં પારડી નગરપાલિકા ફાયર વિભાગ, વાપી ફાયર બ્રિગેડ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર ફાઇટરો દ્વારા ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો.

### વાપીમાં બનાવટી દસ્તોજના ગુનામાં સંડોવાયેલો 10 વર્ષે નવસારીથી ઝડપાયો

વાપી : વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં બનાવટી દસ્તાવેજનો ગુનો વર્ષ 2016 માં નોંધાયો હતો અને તે ગુનામાં સંડોવાયેલા વોન્ટેડ ઈસમને એલસીબી ટીમે નવસારીથી 10 વર્ષે ઝડપી પાડ્યો હતો. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના મુજબ એલસીબી ટીમ વર્કઆઉટમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે, વર્ષ 2016માં વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં બનાવટી દસ્તાવેજનો ગુનો નોંધાયો હતો, તે ગુનામાં 10 વર્ષથી ભાગતો ફરતો આશિષકુમાર સુરેશચંદ્ર પાંડે (ઉં.37, હાલ રહે. વેજલપોર, નવસારી, મૂળ યુપી) નવસારી હોય એલસીબી ટીમ વર્ણવેલા સ્થળે પહોંચી જઈ તેને પકડી કાયદેસરની કાર્યવાહી કરી વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં વધુ તપાસ માટે સોંપ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### કાલીયાવાડી દેસાઇવાડમાં બે અજાણ્યા વૃદ્ધાના ગળામાંથી સોનાની ચેઇન ખેંચી ગયા

નવસારી : નવસારી જિલ્લાના રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કાલીયાવાડી દેસાઇવાડ જાહેર રોડ પર દિવસે દહાડે ચેઇન સ્નેચિંગની ઘટનાથી વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે. બે અજાણ્યા ઇસમોએ મોટરસાયકલ પર આવી વૃદ્ધ મહિલાના ગળામાંથી સોનાની ચેઇન ખેંચી નાસી જતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ફરિયાદી ગીરાબેન ભાવિકભાઈ જીતેન્દ્રભાઈ દેસાઈ (ઉ.વ. ૪૦, ધંધો નોકરી, રહે. દેસાઇવાડ, કાલીયાવાડી, તા. તથા જી. નવસારી) દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, તા. ૦૫/૦૧/૨૦૨૬ ના રોજ બપોરે આશરે ૧:૦૦ વાગ્યે તેમની સાસુ હંસાબેન જાહેર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા ઇસમો મોટરસાયકલ પર આવ્યા અને પાછળથી ગળામાંની આશરે દોઢ તોલાની સોનાની ચેઇન (અંદાજે કિંમત રૂપિયા ૧,૩૫,૦૦૦) ઝૂંટવીને નાસી ગયા હતા. આ બનાવ અંગે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. બનાવની જાણ થતા પોલીસ સબ ઇન્સ્પેક્ટર એમ. એલ. સૈયદે તપાસ શરૂ કરી છે. આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસી આરોપીઓની ઓળખ મેળવવાના પ્રયાસો હાથ ધરાયા છે.

### વાંસદાના બારતાડ ગામના યુવકનો ડુંગર પર ફાંસો ખાઈ આપઘાત

વાંસદા: વાંસદા તાલુકાના બારતાડ (ખાનપુર) ગામના જીવણબારી ફળિયામાં રહેતા ૩૪ વર્ષીય વિનોદભાઈ સાવળુભાઈ વળવી ગત સોમવારની સાંજે પોતાના ઘરે તૈયાર થઈ રહ્યા હતા. તે સમયે તેમના પિતા સાવળુભાઈએ તેમને ક્યાં જવું છે તેવું પૂછતા, વિનોદે 'હું ખાનપુર જાઉં છું' તેમ કહી પોતાની પેશન પ્લસ મોટરસાયકલ (નંબર GJ-21-BD-4038) લઈને ઘરેથી નીકળ્યા હતા. મોડી રાત સુધી વિનોદ ઘરે પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી દરમિયાન, ખાટાઆંબા અને ઘોડમાળ ગામના સીમાડા પાસે આવેલી ડુંગરી યુવકની લાશ મળી હોવાની જાણ થતા તપાસ કરતા વિનોદે ડુંગર પર સાગના ઝાડની ડાળી સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતા જ પરિવારે સ્થળ પર પહોંચી વિનોદની ઓળખ કરી હતી. આ સમગ્ર મામલે મૃતક વિનોદના પિતા સાવળુ વળવીએ વાંસદા પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

### મરઘમાળમાં નવી આંગણવાડીનું ખાતમુહૂર્ત



આસીફ શેખ

ધરમપુર : ધરમપુર તાલુકાના મરઘમાળ ગામના જલારામ ફળીયા ખાતે નવી આંગણવાડીના નિર્માણ માટે ખાતમુહૂર્ત વિધિ સરપંચ રજની પટેલની અધ્યક્ષતામાં સંપન્ન થઈ હતી. વર્ષોથી ચાલતી આંગણવાડીની માંગ હવે પૂર્ણ થવાની હોવાથી ગ્રામજનોએ ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સરપંચ રજની પટેલે જણાવ્યું હતું કે નવી આંગણવાડી ગામના નાનાં બાળકોના શિક્ષણ, પોષણ અને સર્વાંગી વિકાસ માટે મજબૂત આધાર પુરો પાડશે. નવી આંગણવાડી શરૂ થતાં સુથાર ફળીયા, જલારામ ફળીયા, દાદરી ફળીયા તેમજ નવીનગરી ફળીયાના બાળકોને સીધો લાભ મળશે. કાર્યક્રમ દરમિયાન આંગણવાડી કર્મચારીઓ, બહેનો, બાળકો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### વલસાડ ગુજરાતી બ્રહ્મસમાજ દ્વારા રવિવારે ક્રિકેટ ટૂર્નામેન્ટ

વલસાડ : વલસાડમાં છેલ્લા 3 વર્ષથી કાર્યરત સમસ્ત ગુજરાતી બ્રહ્મસમાજ, વલસાડ દ્વારા સેવા, સમર્પણ અને સંગઠનની ભાવના સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાય છે. બ્રહ્મસમાજની યુવા પાંખ દ્વારા 3જી ક્રિકેટ ટૂર્નામેન્ટ 11મી જાન્યુ.2026ને રવિવારના રોજ ધરમપુર રોડ પર આવેલા જુજવા ગામે કાંતાબા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. જેમાં 6 ટીમ મહાબલી સ્ટાઈકર્સ, કેદાર કિંગ્સ, રૂદ્ર રેન્જર્સ, પરશુરામ ફાઈટર્સ, ત્રિશુલ ટાઈટન્સ અને ધનુષ વોરિયર્સનો સમાવેશ થાય છે. વલસાડ ખાતે સ્થાઈ થયેલા ગુજરાતી ભૂદેવો સંગઠીત થઈ સમાજને દરેક ક્ષેત્રમાં આગળ લાવે, તેવા ઉચ્ચ આશ્રય સાથે યોજાનાર આ ક્રિકેટ ટૂર્નામેન્ટને સફળ બનાવવા સમાજના દરેક યુવાનો, વડીલ આગેવાનો અને મહિલા પાંખની બહેનો ભારે જહેમત ઉઠાવી રહી છે.

# નંદીગામ ફોરેસ્ટની જમીન ઉપર રસ્તો પહોળો કરવાની કરાયેલી દરખાસ્ત રદ કરો

**રાજ્યપાલ** તથા મુખ્ય સચિવ વન અને પર્યાવરણને સંબોધીને સ્થાનિકોએ ટીડીઓને આવેદનપત્ર આપ્યુ



ઉમરગામ : ઉમરગામ તાલુકાના નંદીગામ ફોરેસ્ટની જમીન ઉપર રસ્તો પહોળો કરવાની કરાયેલી દરખાસ્ત તાત્કાલિક રદ કરવાની માંગણી સાથે રાજ્યપાલ તથા મુખ્ય સચિવ વન અને પર્યાવરણ તથા જિલ્લા કલેક્ટરને સંબોધીને સ્થાનિકોએ ટીડીઓને આવેદનપત્ર આપ્યુ છે.

ઉમરગામના નંદીગામ પટેલ પાડા ફળિયામાં રહેતા બહુધા આદિવાસી સમાજના લોકોએ આવેદનપત્ર આપી જણાવ્યું છે કે આ જમીન ઉપર આદિવાસી વર્ષોથી વસવાટ કરી ખેતી કરે છે. આદિવાસીઓએ નુકસાન થવાની ચિંતા છે. બિલ્ડરો, ભૂમાફિયાઓને ફાયદો કરાવવા ભવિષ્યમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક કોમર્શિયલ વિકાસથી તૈયારી ચાલી રહી હોવાનો આક્ષેપ પણ આવેદનપત્રમાં કરવામાં આવ્યો છે.

રસ્તો પહોળો કરવાની કામગીરી ગ્રામ્ય સભાની મજૂરી વિના થઈ શકે નહીં. ફોરેસ્ટ જમીન બાબતની કેટલીક અરજીઓ અને દાવાઓ પેન્ડિંગ છે. ત્યારે ફોરેસ્ટની જમીનમાંથી રસ્તો પહોળો કરવાની જે દરખાસ્ત તાલુકા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવી છે તે તાત્કાલિક રદ કરવાની અમારી માંગણી છે. ઈન્ચાર્જ ટીડીઓ વિશાલભાઈ પટેલે આવેદનપત્ર સ્વીકારી લોકોને શાંતિથી સાંભળ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે નંદીગામ ગ્રામ પંચાયત દ્વારા નંદીગામ પટેલ પાડાથી ને.હા. નં. 48 સુધી ફોરેસ્ટની જગ્યામાંથી રસ્તો પહોળો કરવા દરખાસ્ત કરી હતી. જે તેઓએ આગળ મોકલી હતી.

# વલસાડના કુંડી ગામમાં વિકાસના કામો ઠપ્પ

**મહિલાએ** ખાડાવાળા રસ્તાનો વિડીયો વાયરલ કરી તંત્રને આડે હાથ લીધું

**આ** રસ્તાનું ખાતમુહૂર્ત એક વર્ષ અગાઉ કરવામાં આવ્યું પરંતુ આજદિન સુધી એક પથ્થર મુકાયો નથી

**પંચાયત** વિકાસના કામોમાં ભારે બેદરકારી દાખવી રહી છે : આગેવાનો



વલસાડ : વલસાડ તાલુકાના કુંડી ગામે છેલ્લા એક વર્ષથી વિકાસના કામો અટકી પડતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ગામના મુખ્ય રસ્તાની બિસ્માર હાલતને લઈને ગામના આગેવાનો અને મહિલાઓએ સોશિયલ મીડિયાના માધ્યમથી તંત્ર સામે મોરચો માંડ્યો છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક વિડીયોમાં ગામની એક મહિલા અત્યંત ખરાબ રસ્તા પરથી પસાર થતી જોવા મળે છે. વિડીયોમાં મહિલા આક્રોશ સાથે જણાવી રહી છે કે, આ રસ્તાનું ખાતમુહૂર્ત એક વર્ષ અગાઉ કરવામાં આવ્યું હતું, પરંતુ આજદિન સુધી અહીં એક પથ્થર પણ મુકાયો નથી. ગામના આગેવાનોનો આક્ષેપ છે કે પંચાયત દ્વારા વિકાસના કામોમાં ભારે બેદરકારી દાખવવામાં આવી રહી છે. ચોમાસા દરમિયાન અને સામાન્ય દિવસોમાં પણ આ રસ્તા પરથી પસાર થવું મુશ્કેલ બન્યું છે. વારંવારની રજૂઆતો છતાં પંચાયત કે વહીવટી તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. ગામના જાગૃત નાગરિકોએ હવે આ લડત ડિજિટલ પ્લેટફોર્મ પર શરૂ કરી છે. વાયરલ વિડીયોમાં રસ્તાની દુર્દશા સ્પષ્ટપણે જોઈ શકાય છે, જેને કારણે હવે આ મુદ્દો સમગ્ર જિલ્લામાં ચર્ચાનો વિષય બન્યો છે. ગ્રામજનોની માંગ છે કે જો વહેલી તકે રસ્તાનું કામ શરૂ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.


### જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસથી જણાવવાનું કે, જી. નવસારીના, તા. નવસારીના મોજે **કસ્બાપાર** ગામમાં આવેલ ખેડ ખાતાની જુની શરતની જમીન જેની વિગતે નીચે મુજબ છે.

| ગામનું નામ | બ્લોક નંબર | હે.આરે.ચો.મી. | આકાર રૂા. | ખાતા નંબર |
|---|---|---|---|---|
| કસ્બાપાર, તા. જી. નવસારી | ૩૦૨ | ૦-૧૭-૮૪ | ૩.૮૧ | ૬૧૩ |

ઉપરોક્ત કોષ્ટકમાં બતાવેલ જમીન મનિષકુમાર અરવિંદભાઈ પટેલનાઓની સ્વતંત્ર માલિકી અને કબજા હેઠળની તથા તેમના નામે કબજેદાર હોવાનું તથા સદરહું મિલકત ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સબબ આ વેચાણના વ્યવહાર અંગે કોઈપણ ઈસમને કે સંસ્થાને કોઈપણ રીતે કે પ્રકારે વાંધા-હરકત હોય અગર આ જમીનમાં કોઈપણ ઈસમના કે સંસ્થાના કાયદેસરના હકક, હિત, અધિકાર સમાયેલા હોય કે સાટાખત, સોદાચીઠ્ઠી કે તે મતલબના કોઈ લેખિત લખાણો કરેલા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં જે તે વાંધા, હરકત કે હકક, હિત, અધિકાર સંબંધિત લેખિત રજુઆતો હમારા અસીલ તરફે/વતી હમોને કરવી જો નિયત સમયમાં કોઈપણ પ્રકારની રજુઆતો કરવામાં આવશે નહિ, તો મુદત વિત્યે હમારા અસીલ ઉપરોક્ત જમીનના માલિક પાસેથી કાયદેસરનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નોંધાવી લેશે અને ત્યારબાદ કોઈપણ પ્રકારના વાંધા, હરકત હમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની સ્પષ્ટ કાયદેસરની નોંધ લેવા વિનંતી.

હમારા અસીલની સુચનાથી,

તા. ૦૬-૦૧-૨૦૨૬ **સાગર આર. પંડયા** (એડવોકેટ)

ઓ. ૧૩, વ્હાઈટ હાઉસ એપાર્ટમેન્ટ, કલેકટર ઓફીસ પાસે, કાલીયાવાડી, તા. નવસારી શહેર, જી. નવસારી. મો.: 8485950448